અવરાણી બ્રધર્સનું

સર્વોપયોગી શાસ્ત્ર.


રચી પ્રસિદ્ધ કરનાર.

માસ્ટર ઉત્તમચંદ જેઠાભાઈ અવરાણી.

બાંટવા. (કાઠિયાવાડ)

છાપનાર- લલ્લુભાઈ ઈશ્વરભાઈ નિર્મળ પ્રિન્ટિંગ પ્રેસ,

પીરમસા રોડ—અમદાવાદ.



સન ૧૯૧૨.

પોસ્ટેજ બે પૈસાની ટીકીટ મોકલી મંગા- વનારને મફત મોકલવામાં આવશે.

ઈ. સ. ૧૯૧૨ નું કેલેન્ડર.

	જાનેવારી.	ફેબ્રુવારી.	
શ.	૬ ૧૩ ૨૦ ૨૭	૩ ૧૦ ૧૭ ૨૪	૨ ૯ ૧૬ ૨૩ ૩૦
ર.	૭ ૧૪ ૨૧ ૨૮	૪ ૧૧ ૧૮ ૨૫	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧
સો.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯	૫ ૧૨ ૧૯ ૨૬	૪ ૧૧ ૧૮ ૨૫ ...
મં.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦	૬ ૧૩ ૨૦ ૨૭	૫ ૧૨ ૧૯ ૨૬ ...
બુ.	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧	૭ ૧૪ ૨૧ ૨૮	૬ ૧૩ ૨૦ ૨૭ ...
ગુ.	૪ ૧૧ ૧૮ ૨૫ ...	૧ ૮ ૧૫ ૨૨ ૨૯	૭ ૧૪ ૨૧ ૨૮ ...
શુ.	૫ ૧૨ ૧૯ ૨૬ ...	૨ ૯ ૧૬ ૨૩ ...	૧ ૮ ૧૫ ૨૨ ૨૯ ...

	એપ્રિલ.	મે.	જુન.
શ.	૬ ૧૩ ૨૦ ૨૭	૪ ૧૧ ૧૮ ૨૫	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
ર.	૭ ૧૪ ૨૧ ૨૮	૫ ૧૨ ૧૯ ૨૬	૨ ૯ ૧૬ ૨૩ ૩૦
સો.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯	૬ ૧૩ ૨૦ ૨૭	૩ ૧૦ ૧૭ ૨૪ ...
મં.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦	૭ ૧૪ ૨૧ ૨૮	૪ ૧૧ ૧૮ ૨૫ ...
બુ.	૩ ૧૦ ૧૭ ૨૪ ...	૧ ૮ ૧૫ ૨૨ ૨૯	૫ ૧૨ ૧૯ ૨૬ ...
ગુ.	૪ ૧૧ ૧૮ ૨૫ ...	૨ ૯ ૧૬ ૨૩ ૩૦	૬ ૧૩ ૨૦ ૨૭ ...
શુ.	૫ ૧૨ ૧૯ ૨૬ ...	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧	૭ ૧૪ ૨૧ ૨૮ ...

	જુલાઈ.	ઑગસ્ટ.	સપ્ટેમ્બર.
શ.	૬ ૧૩ ૨૦ ૨૭	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧	૭ ૧૪ ૨૧ ૨૮
ર.	૭ ૧૪ ૨૧ ૨૮	૪ ૧૧ ૧૮ ૨૫ ...	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
સો.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯	૫ ૧૨ ૧૯ ૨૬ ...	૨ ૯ ૧૬ ૨૩ ૩૦
મં.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦	૬ ૧૩ ૨૦ ૨૭ ...	૩ ૧૦ ૧૭ ૨૪ ...
બુ.	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧	૭ ૧૪ ૨૧ ૨૮ ...	૪ ૧૧ ૧૮ ૨૫ ...
ગુ.	૪ ૧૧ ૧૮ ૨૫ ...	૧ ૮ ૧૫ ૨૨ ૨૯ ...	૫ ૧૨ ૧૯ ૨૬ ...
શુ.	૫ ૧૨ ૧૯ ૨૬ ...	૨ ૯ ૧૬ ૨૩ ૩૦ ...	૬ ૧૩ ૨૦ ૨૭ ...

	ઑક્ટોબર.	નવેમ્બર.	ડીસેમ્બર.
શ.	૫ ૧૨ ૧૯ ૨૬	૨ ૯ ૧૬ ૨૩ ૩૦	૭ ૧૪ ૨૧ ૨૮
ર.	૬ ૧૩ ૨૦ ૨૭	૩ ૧૦ ૧૭ ૨૪ ...	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
સો.	૭ ૧૪ ૨૧ ૨૮	૪ ૧૧ ૧૮ ૨૫ ...	૨ ૯ ૧૬ ૨૩ ૩૦
મં.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯	૫ ૧૨ ૧૯ ૨૬ ...	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧
બુ.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦	૬ ૧૩ ૨૦ ૨૭ ...	૪ ૧૧ ૧૮ ૨૫ ...
ગુ.	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧	૭ ૧૪ ૨૧ ૨૮ ...	૫ ૧૨ ૧૯ ૨૬ ...
શુ.	૪ ૧૧ ૧૮ ૨૫ ...	૧ ૮ ૧૫ ૨૨ ૨૯ ...	૬ ૧૩ ૨૦ ૨૭ ...

પ્રસ્તાવના.

આ નાના પણ ઉપયોગી પુસ્તકને લક્ષ પુર્વક વાંચી વાંચક યથાશક્તિ, યથામતિ થોડી થોડી સામગ્રી કાઇકિ પાનામાં-થી મેળવશે તો આ નુતન લઘુ ગ્રંથનો લેખક ઉઠાવેલ શ્રમ યથાર્થ ગણશે.

જે વાંચકનું ચિત્ત આ પુસ્તક વાંચવાથી સંતુષ્ટ, થયું હોય તેણે તેમના મિત્ર મંડળ અને કુટુંબમાં વંચાવવા ભલામણ કરવી.

અંહી પ્રિન્ટીંગ પ્રેસની અગવડતા હોવાથી અને ગ્રાહકોની મજકુર પુસ્તક મેળવવા અત્યંત તાકીદે માગણીઓ થવાથી તેમાં કેટલાક લેખ દાખલ કરવા બાકી રહ્યા છે માટે આ આવૃત્તિ ખલાસ થયે બીજી આવૃત્તિ સુધારા સાથે બહાર પડશે.

કર્ત્તા.

દવા મંગાવનારાઓને

સમજૂતિ.

૧ દરેક વખત પોતાનું પુરેપુરૂં નામ, ગામ, પોસ્ટ, જીલ્લો વિગેરે સ્પષ્ટ હસ્કતથી સુદાવાર પારિયાદ્થી (ઉત્તર તથા " સર્વોપયોગી શાસ્ત્ર " મંગાવવા માટે ટીકીટો બીડી) લખવું.

૨ કિંમતના તથા પોસ્ટેજના પૈસા મનીઓર્ડરથી અગાઉથી મોકલવા અગર મંગાવેલી વસ્તુ વી. પી. પોસ્ટથી મોકલવામાં આવશે.

૩ વજ્રદંતી તથા એકઝીમા ઓઇન્ટમેન્ટ મંગાવવા માટે પોસ્ટેજ ખર્ચ થોડો બેસવા માટે દરેકની કીંમત ઉપરાંત પોસ્ટેજ બે આનાની ટીકીટો ટપાલમાં બીડવાથી દવા મોકલવામાં આવશે પણ કદાચ તે ટીકીટો ગેરવલે જાય તેની જવાબદારી અમારાપર નથી.

૪ દરેક વી. પી. પારસલ ૧૫ દિવસ સુધી અનાગત રાખવા પોસ્ટ ઓફીસનો ધારો છે માટે કદિ કોઇને બહાર ગામ જવું પડે અથવા વી. પી. ઉપર ચડેલા પૈસા સંબંધી ભુલ કે ગેર-સમજુત થાય તો તે વખતે તેના ખુલાસા માટે અમને પત્ર લખી જવાબ મંગાવી લેતાં સુધી વી. પી. ટપાલ ઑફીસે અનામત રાખી મુકવાની ટપાલ માસ્તરને સુચના કરવી.

કમીશન—જથાબંધ માલ ખરીદવા ઇચ્છનાર વેપારી અને એજંટોએ પત્ર દ્વારા કમીશન નકી કરવું.

સર્વોપયોગી શાસ્ત્ર.

વિદ્વાનોનાં વચન.

સંભાળ રાખજો કે તમારી જીભ કોઇ દહાડે તમારા જીવનૂં જોખમ કરે નહીં.

ઘણીવાર મુંગા રહેવું તે જવાબ આપ્યા બરાબર છે.

બાયડીઓની તાબેદારી કરવી તે પસ્તાવાનું મુળ છે.

મેળાપમાં ભાઇબંધ થજો પણ વ્યવહારમાં અજાણ્યા થજો.

ઉતાવળનું ફળ પસ્તાવો નિપજે છે.

ધન હોયતો પરદેશ સ્વદેશ સરખું થઇ પડે છે.

જો તમારો મિત્ર મધ જેવો મીઠો હોયતો તેને આખો ચાટી ખાશો નહિ.

પડોતો પોક મૂકીને રોશો નહીં.

ખરાબ માણુસની અંતે ખરાબી થવાની.

સગપણ તે સોનું અને પ્રીત તે પીતળ.

મન શક્તિ છે તે માણુસોનો વજીરછે, દોલત મેમાન છે અને અદેખાઇ લોઢાના કાટ જેવી છે, તે માણુસનો ઘાણ કાઢે છે.

જે પોતાને શીખવે તે ડાહ્યો.

જે પોતાને જીતે તેજ બળવંત.

જે સંતોષ રાખે તેજ તવંગર.

જે બીજાને માન આપે તેજ માનવંત.

ચિંતા જીવ લેનારો તાવ છે.

જેણે મન જીત્યું તેણે જગત જીત્યું.

જેણે કામ જીત્યો તેજ શુરામાં શુરો.

જેને વિષાળી તૃષ્ણા હોય તે દરિદ્રી.

જેને ઉધમ નહીં તે જીવતાં મુઓ.

પોતાનું મન શુદ્ધ તેજ મોટું તિર્થ.

કામાતુર તે મોટો આંધળો.

કાચા સુતરનો ટેકો થોડીવાર પણ રહે પણ પવનનું ટેકણુ ઝાઝી વાર રહેવાનો ભરોંસો નહીં માટે પવનના થાંભલાવાળું શરીર ટકવાનો શો ભરોંસો ?

વખત આપણને કડવાં તથા મીઠાં ભોજન ખવરાવે છે.

ફજેતીની કુંચી લોભ છે, બદફેલી પસ્તાવાનું ઘર છે, અને સંતોષ શાંતિનું મૂળ છે.

થોડા અને પ્રસગોપાત શબ્દો સૌથી સારા.

જેમ સોનું સ્રીનો શણગાર છે, તેમ સભ્યતા એ પુરૂષનો શણગાર છે.

સભ્યતા વગરની હોંશિયારી હથિયાર વગરની બહાદુરી જેવી છે.

માણુસોનું સારૂં કરવાથી તેઓનાં હૃદય તમે તાબે કરશો.

અજ્ઞાન છે તે સૌથી મોટી વિપત્તિ છે.

જે પોતાની જુવાનીમાં શીખશે નહીં, તે મોટી વયમાં વધશે નહીં.

જે જ્ઞાનની સોબત કરેછે, તે એકાંતપણાથી ગભરાતો નથી.

ઉત્તમ સજ્જન તે કે, જે પોતાની ખામીઓ પીછાંણે છે. અને બીજાના વાંક તરફ નજર કરતો નથી.

જેમ કાણું વાસણ નકામું છે, તેમ જેના મનમાં છાની વાત રહી શકતી નથી, તે માણસ પણ નકામું છે.

ડાહ્યા માણસની અટકળ, મુરખ માણસની ખાતરી કરતાં વધારે ભોજવાન છે.

જે માણસ તમારી ખામીઓ યાદ રાખે, અને ખુબીઓ ભુલી જાય, તેની સાથે સંબંધ રાખશો નહીં.

ગયું ગુજર્યું તેનો શોક કરવો તે બાયડીઓનું કામ છે.

વ્યર્થ વસ્તુઓ ઉપર પ્યાર રાખે, તે હઇડે દુઃખી રહે.

અસત્યતા રોગ છે અને સત્યતા ઔષદ્ધ છે.

મદનેચ્છાનો ગુલામ ખરા ગુલામ કરતાં પણ હલકો છે.

જુઠાને જુઠો કહેશો તો તે તમારી દોસ્તી છોડશે.

જીભ જંગલી જનાવર છે તેને કબજામાં રાખવાથી બચાવ કરશે અને જો છુટી મુકશો તો તમારા કટકા કરશે.

બોલવા કરતાં સાંભળવું વધારે સારૂં છે.

ભાલાના ઘા રૂઝાવાના પણ જીભના ઘા રૂઝાવાના નહીં.

જે ઝાઝી મસ્કરી કરે છે, તેનો ભારબોજ હલકો થશે.

ખરાબ સોબતીઓના કરતાં એકલા રહેવુંતે વધારે સારૂં.

જે નબળો શખ્સ દુશ્મનથી સાવચેત રહે છે, તે દુશ્મનને તુચ્છકારી કાઢનાર જોરાવર શખ્સ કરતાં વધારે સલામત રહે છે.

સારાં કામ કર્યા વિના આનંદ ઉપજતો નથી, અને નઠારાં કામ કર્યા વિના દુઃખ ઉપજતું નથી.

મન મારવાથી નમ્રતા પેદા થાય છે.

જે પુન્ય કરો તે કહી દેખાડશો નહીં.

મુરખાઈ સૌથી મોટી દરિદ્રતા છે.

મુરખ મિત્ર કરતાં ડાહ્યો દુશ્મન સારો.

મનમાં દ્વેશ ઢાંકી રાખવો તે રાખમાં ઢાંકી મુકેલા અગ્નિ બરાબર છે.

મનના વિકારને તમારે તાબે રાખો.

સૌ ચમત્કારનું મૂળ મહેનત છે.

અહંકાર આંધળો છે.

કંજુસ માણસ રેતીના મેદાન જેવો છે.

સારી સલાહ જે સાંભળે છે તે સલાહ આપનાર કરતાં વધારે સરસ છે.

બીજાએ આપણાપર મહેરબાની કરી હોય તે કદી ભુલવી નહીં, અને આપણે બીજાના ઉપર મહેરબાની કરી હોય તો તે કદી કહી સંભળાવવી નહીં.

બીજાઓને તેમનાં ખરાબ કામ માટે બદનામ કરવાં એ સહેલ છે પણ પોતે સારાં કામ બજાવવાં એ મુસ્કેલ છે.

દુઃખ ખમવાને અશક્ત થવું એ મોટામાં મોટું દુઃખ છે.

કામ ધંધો એ ઈશ્વરી વૈદ્ય છે.

અખંડ ઉદ્યોગી માણસને સખત શીક્ષા કરવી હોય તો તેને નવરો બેસાડી રાખવો.

માણુસના બધા અને તેથી પણ સારા ગુણ જાણવા હોય તો તે મરે ત્યાં સુધી રાહ જુઓ.

જે સૌનો મિત્ર તે કોઈનો મિત્ર નથી.

ઇરાની લોકો કહે છે કે ખાલી બકબકારાના દશ કોથળા આકાશમાંથી ઉતરી આવેલા હતા તેમાંથી નવ કોથળા બાયેડીઓને હાથ આવ્યા છે અને એક કોથળો પુરૂષના ભાગમાં આવ્યો છે.

જે સુખી માણુસ લોભના ફંદામાં ફસાય છે, તે પોતાના સુખને જાણી જોઈને છેલ્લી સલામ કરે છે.

ઉત્તમ ભેટ તમારા શત્રુને આપવાની ઉત્તમ વસ્તુ ક્ષમા, મિત્રને તમારૂં અંતઃકરણ, તમારી પ્રજાને સારૂં દૃષ્ટાંત; તમારા પિતાને સન્માન, તમારી માતાને જેથી તેનું અંતઃકરણ હરખે એવાં તમારાં આચરણ અને સર્વે મનુષ્યને દાન.

મહેનત, ભૂખ, અને સંતોષથી હલકામાં હલકા ખોરાકમાં પણ તમને ખરી તંદુરસ્તી જડશે.

સારો સ્વભાવ એ સ્ત્રીઓનો સર્વોત્તમ સદ્‌ગુણ છે.

કામ કરવું તે બંદગી કર્યા બરોબર છે. (લેટિન કહેવત)

જેની દોલત જાય તેનું ઘણું જાય, જેનો મિત્ર જાય તેનું તેથી પણ વધારે જાય; પરંતુ જેની હિંમત જાય તેનું તો સર્વ જાય. (સ્પેનિશ કહેવત.)

એક લાયક મા સો શિક્ષકની ગરજ સારે છે (જ્યોર્જ હરેલો.)

મોટા થવું એટલે સુખી થવું એમ માનવું એ ભુલ ભરેલું છે. પણ ભલા થવું એટલે સુખી થવું એમાં સત્યતા છે.

ભુંડા કામમાં ફતેહ મેળવવી તે કરતાં રૂડા કામમાં નિષ્ફળ થવું એ વધારે માન ભરેલું છે.

આળસ એ જીવતા માણસનું મસાણ છે.

મહેનત વગર ફતેહ નથી અને ફતેહ વગર આબરૂ નથી.

મધમાંખ ઘણી ડંખે છે પરંતુ નઠારી જીભ તેથી પણ વધારે ડંખે છે.

શરીર નાશવંત છેજ.

આપણી પડતી દશામાં કોઈ દુશ્મને આપણા ઉપર મોટાં સંકટ પાડયાં હોય પછી આપણી ચડતી દશામાં તેનું વેર વાળીએ તેથી આપણી કીર્તિ વધતી નથી, પણ તેના ઉપર ક્ષમા કરવાથી આપણી કીર્તિ ઘણી વધે છે.

નબળાઇ અને શુક્રવિકારને લગતાં દરદો માટે

લોકપ્રિય યાકુતિ.

બાળક જુવાન વૃદ્ધ સ્ત્રી પુરૂષો સર્વ માટે ફાયદાકારક દવા છે. લોકપ્રિય યાકુતી કોણે વાપરવી ?

વકીલોએ, લેખકોએ, શિક્ષકોએ, કવીઓએ, હિસાબી ધસડબોરો કરતારાઓએ, વિદ્યાર્થીઓએ, મગજમાર ઑફીસરોએ, શોધકોએ, ખટપટીઆઓએ, રોગીએ, દુર્બળે, વૃદ્ધોએ, બાળકોએ, સ્ત્રીઓએ, પુરૂષત્વહીન પુરૂષોએ, બાદી બદહજમી વાળાઓએ નિરાશ પુરૂષોએ, શોખીનોએ, સંસાર સુખની ઇચ્છાવાળાઓએ, દિવસની રાત, અને રાતને દિવસ ભોગવનારાઓએ, અકારણ ચિંતાતુર રહેતા માણસોએ, ધાતુપાતના દરદીઓએ, વિગેરેએ ટુંકમાં હમેશાં તા-

કાતી તત્વ સંબંધી અવયવો સલામત રાખવા વાળાઓએ, કે જેમને રાત દિવસ માનસીક અને શરીરીક શ્રમ વેઠવાથી આખા શરીરમાંથી તાકાતી તત્વ ઓછું થઈ જાય છે જેથી કરીને " ન્યુરેસ્થાનીક " (નબળાઇ) " ટયુબર કલર્સીસ (ક્ષયરોગ) અને " એનાઇલ " (શરીરની ક્ષીણુતા) જેવાં દરદો લાગુ પડે છે. એક શાસ્ત્રવેતા જણાવેછે કે શરીરને ઘણો શ્રમ થવાથી અને ભયથી ભેજામાંથી તાકાતી તત્વ ઘટી જાય છે. તેથી આ દરદો અભ્યાસ કરનારાઓને થયેલાં દેખાય છે તેવા દરદીઓને તાકાતી તત્વ ઉત્પન્ન કરે તેવાં ઔષધોનો ઉપયોગ કરવા સાવચેતી રાખવી જોઇએ. તેટલા માટે ઉપર લેખલ ધંધાર્થી મનુષ્યોએ, ખાસકરી આ લોકપ્રિય યાકુતિનો જલ્દીથી ઉપયોગ કરવો જોઇએ જેથી તેઓ ખાત્રીથી સંતોષ પામશેજ.

આ લોકપ્રિય યાકુતિ શરીરમાં ઘટી ગયેલું તાકાતી તત્વ ઉત્પન્ન કરે છે જેથી શરીરમાં ઉપરના રોગો લાગુ પડવા સંભવ રહેતો નથી.

જેઓ ઉપર વર્ણવેલા એક અથવા અનેક દરદોથી ઘેરાયેલ હોય છે, અથવા જેઓને ખાધેલું હજમ નહીં થતું હોય, અથવા ખાવાપર રૂચી નહીં હોય, જેઓને રાત્રે ઉંઘ આવતી નહીં હોય, જેઓને સવારમાં બીછાનેથી ઉઠતી વખત થાક અને નબળાઇ માલમ પડતી હોય, જેઓની યાદ શક્તિ મંદ પડી ગયેલી હોય, જેઓને આંખે અંધારાં આવતાં હોય, જેઓ ધાતુસ્રાવના દરદોથી હેરાન થતા હોય; જેઓની દેહ

ભારે ચિંતાવાળા કામને લીધે લથડી ગયેલી હોય તેઓએ જાણવું જોઇએ કે તેના શરીરમાંથી તાકાતી તત્વ ધીમે ધીમે ઘટતું જાય છે, અને જેના સારૂ દરકાર કરશો નહિં તો આસ્તે આસ્તે તમારૂં શરીર ક્ષીણ થતું જશે, અને ગંભીર દરદો જેવાં કે ધાસણી, ક્ષયરોગ, લકવો, દમ, હરસ વીગેરે લાગુ પડશે, અને તેથી તમારે લાંબો વખત પીડાવું પડશે ત્યારે પછી શા માટે તેવી બેદરકારીપણે તમારે દુઃખ દરદો સહન કરવાં જોઇએ? શું તમો નથી જાણતા કે તમારી તંદુરસ્ત તબીયત તમારા પૈસા કરતાં હજારોગણી વધારે કીમતી છે.

મજબુત, હૃષ્ટપુષ્ટ, ભરાવદાર અંગ, ખીલતા ગુલાબી રંગના ચહેરા સાથેનાં સ્ત્રી પુરૂષો સાથે તમો તમારૂં અંગ સરખાવી જુઓ અને જો તમને તમારાં બેઠેલાં ડાચાં સુકલ-લકડી અંગ અને ફીકા ચહેરા માટે પરીતાપ થાય તો પહેલી તકેજ લોકપ્રિય યાકુતિ વાપરવાના ચોકસ ઠરાવ ઉપર આવી જજો, કારણ કે શરીરમાં તે તાકાતી તત્વ વધારવાની ઉમદા શક્તિ વાળી દવા છે.

પણ **લોકપ્રિય** યાકુતિ કરશે શું?

પાચન શક્તિની વિક્રીયા દુર કરે છે.

લોહી શુદ્ધ કરી વિર્યને વધારી ઉમદા બનાવે છે.

મર્મસ્થાનોની શક્તિને ઉતેજીત કરે છે.

નબળાં જ્ઞાનતંતુઓને પુષ્ટી આપે છે.

મંદ પડેલી સ્મરણ શક્તિને સતેજ કરે છે.

નબળાઇ દુર કરી તાકાત વધારે છે.
સ્વપ્નામાં થતા ધાતુ પાતને અટકાવે છે.
ખામી વગરનું સંપુર્ણ પુરૂષત્વ પુરૂં પાડે છે.

લોકપ્રિય યાકુતિની શરીરના જુદા જુદા અવયવોપર થતી અસરઃ—

૧ **પકવાશય** (પાચન ક્રિયા Digestibe System પાચન ક્રિયાપર આ દવાની સંગીન અસર થાય છે. હોજરી તથા આંતરડાના સર્વ જીર્ણ વિકારો મટાડી હોજરી તથા આંતરડાની ક્રિયાને નિયમમાં લાવે છે.

૨ **રક્તાશય** (રક્ત વૃદ્ધિ)Circulating System પાચન ક્રિયા સુધરવાથી અને લોકપ્રિય યાકુતિમાં લોહી વધારવાનો ગુણ હોવાથી લોહી વધારે છે અને શુદ્ધ કરે છે અને તેથી હૃદયની ક્રિયા નિયમીત કરી આખા શરીરને લોહીનું સારૂં પોષણ આપે છે. જીર્ણ, દુર્બળ અને ફીક્કા શરીરમાં શક્તિ અને લોહી જલ્દી ભરે છે.

૩ **શ્વાસનળી.** (શ્વાસોશ્વાસની ક્રિયા) Respiratory System લોકપ્રિય યાકુતિના સેવનથી રક્તની શુદ્ધિ અને વૃદ્ધિ થવાથી રક્તાશય નિયમીત થવાને લીધે ફેફસાં તથા શ્વાસનળીનું કાર્ય પણ નિયમીત થાય છે. શ્વાસનળી ખુલ્લી થાય છે અને તેથી દમ, હાંફણ, કફ વિગેરે ઉપર સારી અસર કરે છે.

૪ **મજ્જાશય.** (તંતુઓની ક્રિયા) Nervous System મગજ ઉપર યાકુતિની સારી અસર થાય છે તેમાં લોહીને વિકાર વિનાનું કરવું એ ખાસ ગુણ હોવાને લીધે મગજને

સ્વચ્છ લોહીનું પોષણ મળે છે, અને તેથી મગજના સર્વ તંતુઓ પોતાના વ્યાપાર ઉત્તમ રીતે ચલાવી શકે છે, એટલુંજ નહીં પણ બુદ્ધિ તથા યાદશક્તિને વધારી મગજને શાંત અને ઉત્સાહી બનાવે છે.

૫ વીર્યાશય. (વિર્યોત્પાદક ક્રિયા)Seminory System આ લોકપ્રિય યાકુતિથી પકવાશય અને મગજની ક્રિયા સુધર્યા પછી વીર્યાશયમાં શુદ્ધ અને સંગીન વીર્યનો સંગ્રહ થાય એમાં શું આશ્ચર્ય ? વિર્ય કાંઇ ચમત્કારથી વધતું નથી (અને કદિ કોઈ દવા ચમત્કાર બતાવેછે તો તે ચાર દહાડા માટેજ) વિર્ય તો શરીરનાં મર્મસ્થાનોની મજબુતી અને વિશેષ કરીને નિયમીત પાચન ક્રિયાથીજ સુધરે છે તથા વધે છે અને આ લોકપ્રિય યાકુતિના સેવનથી આ સર્વ ક્રિયામાં ઘણુંજ અનુકુળ હોવાથી ઉત્તમ વિર્ય, બળ અને પુરૂષાતન પ્રાપ્ત થાય છે.

આ ઉપરથી જાણી શકાશે કે **આ લોકપ્રિય યાકુતિ કોઇ જાદુઇ કે અદ્‌ભૂત દવા નથી, અને એવી જાદુઇ દવા હોવાનો ખોટો દાવો કરવો એ અજ્ઞાન લોકોને ઠગવા બરાબર છે.** અમો આ લોકપ્રિય યાકુતિ સંબંધે એટલીજ ખાત્રી આપીશું કે તેનું યોગ્ય સમય યથાવિધિ સેવન કરવાથી ઉપરનાં દરદોને મટાડે છે તથા બળ અને પુરૂષાતન આપે છે.

બાળકોને **લોકપ્રિય યાકુતિ** ખવરાવવાથી

ખુશીથી ખાય છે.

રૂષ્ટ પુષ્ટ બને છે.

પીળાંપચક મટી લાલ ગુલાલ બને છે.
બાળા ગોળી બાલામૃતની જરૂર રહેતી નથી.
કૃમી દુર થઇ દુધ વીગેરે ખોરાક પચાવે છે.
આંચકી, સસણી, મોટી ખાંસી થવા પામતી નથી.
મુડદાં જેવા બાળક પુષ્ટ બની આનંદ કરે છે.

લોકપ્રિય યાકુતિ જુવાન અને ઘરડાને શું કરે છે ?

નસોની કમજોરી દુર કરે છે.
ઘડપણમાં જુવાની આપે છે.
જુવાનોને મસ્તાન બનાવે છે.
અશક્તિની માત્ર એક દવા છે.
લોહી, વિર્ય, બળ બુદ્ધિ વધારે છે.
કાંતિ ઉત્સાહ યાદશક્તિ સાથે આરોગ્ય પુરૂપાતન આપે છે.

પણ સ્ત્રીઓએ

લોકપ્રિય યાકુતિ

શા માટે વાપરવી !

કારણ કે

લોકપ્રિય યાકુતિ સુવાવડ પછી પૌષ્ટિક દવા છે.
,, માનસિક શક્તિને સંપુર્ણ ખીલવે છે.
,, ગુલાબી ગાલોને ચળકાટ આપે છે.
,, નવું સ્વચ્છ લોહી દોડતું કરે છે.
,, આંખોને મોહક અને સુરંગ બનાવે છે.

સુવાવડ પછી લોકપ્રિય યાકુતિ

નાજુક પ્રકૃતિની સ્ત્રીયો સુવાવડમાંથી ઉઠયા પછી મહીનાઓ સુધી બીમાર ચાલ્યા કરે છે, તેઓને ઝીણો તાવ હમેશાં અંગમાં રહે છે, ખોરાક ઉપર રૂચી થતી નથી, કામકાજમાં જીવ લાગતો નથી, સાંધાઓ કળી પડે છે, માથું તો દુઃખ્યાજ કરે છે, વાળ ગરી પડેછે, ગુલાબી ગાલ પીળા દેડકા જેવા થઇ જાય છે ત્યારે ખાસ કરીને લોકપ્રિય યાકૂતિ વાપરવી ઉત્તમ સલાહ છે. એમતો સુવાવડવાંના પણ છેક નબળા બાંધાનાં નાજુક પ્રકૃતિનાં સ્ત્રી પુરૂષે એ પહેલી તકેજ **લોકપ્રિય યાકુતિનું સેવન કરવું જરૂરનું છે; પણ સુવાવડમાંથી ઉઠયા પછી તો સ્ત્રીઓએ ખાસ કરીને વાપરવી.**

આ લોકપ્રિય યાકુતિના ઉપયોગથી શરીરમાં કૌવત આવે છે, કામકાજ કરવાની ઉલટ આવે છે. ધાતુ જતી બંધ થાય છે, મગજની શક્તિઓ પોતાનાં કામ સમતોલપણાથી કરે જાય છે, મોઢાપર તંદોરસ્તીની નીશાની માલુમ પડે છે, ગાલો ગુલાબી રંગ પકડે છે, ઉતરી ગયેલો ચહેરો પાછો ભરાતો જાય છે, ચામડીની કરચલી નાબુદ થતી જાય છે, માંસમાં વધારો થાય છે, અને પ્રફુલ્લિત કરે છે, ખરાબ સ્વપ્નમાં આવતાં બંધ થાય છે, મન સ્થીર થઇને હુશિયારીથી ઘણું મજબુત બને છે, ભુખ લાગે છે, ખોરાક બરાબર પચે છે, દસ્ત સાફ આવે છે અને સઘળાં નબળાઇનાં દરદ નાબુદ થઇ અસલ તંદુરસ્તી અને જુવાની પાછાં લાવે છે, આંખની તેજી વધારે છે, સાંભળવાની શક્તિ પાછી લાવે છે જેથી

ભવિષ્યની થતી સંતતી સુદ્રઢ અને ખુબસુરત હાડકાર બને છે.

પણ આ યાકુતિ લોકપ્રિય કેમ બની છે ?

લોકપ્રિય યાકુતિ ઉત્તમ તત્વોમાંથી બને છે.

,, સ્વાદિષ્ટ હોવાથી સર્વ ખુશીથી ખાય છે.

,, સેવવાથી રોગ મટવા સાથે નિરોગીપણું પ્રાપ્ત થાય છે.

,, બાળક જુવાન, વૃદ્ધ સ્ત્રી પુરૂષો સર્વને ગુણકારી છે.

ટુંકામાં શરીરની પ્રથક પ્રથક સીસ્ટમપર અસર કરનારી પ્રથક પ્રથક દવાઓતો ઘણીછે તથાપિ શરીરની મુખ્ય મુખ્ય સીસ્ટમો- ને નિયમમાં લાવવામાં, શરીરમાં નિરોગીપણાનાં તત્વો વધારવાથી અને પ્રકૃતિને સમાન ઉપયોગમાં લાવવામાં આ લોકપ્રિય યાકુતિ માફકસર ફાયદો બતાવે છે.

વાપરવાની રીત દરેક બાટલી સાથે હોય છે. પરહેજી કાંઇ નથી. કીંમત દરેક બાટલી દીઠ રૂા. ૪–૦–૦ ચાર. ટપાલ સહીત રૂા. ૪–૪–૦

અવરાણી બ્રધર્સ.

યાકુતી ઓફીસ બાંટવા (કાઠિયાવાડ.)

નપુંસકપણું પ્રાપ્ત કરાવનાર કારણો
અને
ઇન્દ્રિય નિગ્રહથી થતા ફાયદા

૧ **અતી મૈથુન**—આવક કરતાં જાવક વધારે જો દેખીતું જ દીવાળું છે.

૨ **બાળ લગ્ન**—કાચી વયમાંજ વિર્યનો ક્ષય થાય છે.

૩ **માનસિક મૈથુન**—સ્ત્રી સંબંધી વિચારો નપુંસકપણું લાવે છે.

૪ **હસ્ત મૈથુન**—તંતુઓ ઢીલા થઇ વિર્યનો નાશ થાય છે.

૫ **ઇશ્ક સંબંધી પુસ્તકો** વાંચવાથી કામવૃત્તિ અંસ્થિર થાય છે.

૬ **વ્યભિચારની વાતો**કરવાથી વિર્ય હમેશાં ઉશ્કેરાયેલું રહે છે.

૭ **પ્રેમના છંદમાં** પડયા પછી પ્રેમનો બદલો મળતા વિલંબ થાય તે પણ ખરાબીછે.

૮ **વિષયની વસ્તુનું** વારંવાર સ્મરણ દર્શન અને સ્પર્શ નબળાઇ લાવે છે.

૯ **કામવૃત્તિને**—ઉશ્કેરી દાબી દેવાથી તંતુઓ નબળા પડે છે.

૧૦ **વીર્ય ઉશ્કેરાઇને** બહાર નીકળવાની અણીઉપર અટકાવવાથી ખરાબી થાય છે.

૧૧ સીસંબંધમાં—હદ ઉપરાંત ચાળા ચુંથવાની ટેવથી વિર્ય નળીયો ઉશ્કેરાય છે.

૧૨ **રજસ્વલા સ્રીથી** મૈથુન પ્રમેહ ગરમી આદિક રોગોનો ભોગ થઇ નપુસકપણું પ્રાપ્ત થાય છે.

આમાંના ઘણાક દાખલામાં દેખીતો વિર્યપાત થતો નથી તોપણ ઇંદ્રિય ઉશકેરાયાથી અને અધવચથી દાબી દેવાથી તંતુઓ ઢીલાને નબળા પડે છે. કામવાસનાના જુદા જુદા ખેલો કરવામાં જુવાન માણુસોને આનંદ મળે એ સ્વાભાવિક છે, તે કુટેવો ભવિષ્યમાં નપુંસકપણું કે નબળાઈ લાવશે તેનું તેમને જ્ઞાન કે ભાન નહિ હોવાથી ચેતવ્યા છતાં વિષય વાસનાને ચાળે ચડયા પછી તેઓ પોતાના મન ઉપર કાબુ ધરાવી શકતા નથાં માટે આ નામોશી ભરેલી ખરાબીનો અટકાવ કરવા માટે પ્રથમથીજ ચેતીને " ઇન્દ્રિય નિગ્રહ " રાખતાં શીખવું જોઇએ. માટે ઇન્દ્રિય નિગ્રહ રાખવાની ઇચ્છા ધરાવનારાએ પોતાનું ચિત્ત હમેશાં અભ્યયાસમાં કે ધંધામાં લગાડવું, શરીરને નિયમીત કસરત આપવી, આહાર ઓછો, નિદ્રા ઓછી, ઠંડાપાણીથી સ્નાન અને ખુલ્લી હવા એ સર્વ વિષયની ઇચ્છિાને અટકાવવા માટે બહુજ ઉપયોગી છે. વિષય ઇચ્છાને અટકાવી નિયમ અને નિગ્રહમાં રહેવું એજ પુરૂષત્વ છે. વિષય વિકાર અને આવેશને આધિન થવાથી તે વિકાર વધતો જાય છે. વિષયની ઇચ્છાને તનછ મૂકી એટલે તે પછી નિયમમાં કે નિગ્રહમાં રહીજી થટી માટે પોતાનું હિત ઇચ્છનાર જુવાન માણુસોએ પ્રથમથીજ

નિયમ અને નિગ્રહી રહેવાની ટેવ પાડવી જોઇએ. ખાનપાનની મન ઉપર અસર થાય છે અને વિકારવાળું મન શરીરની ઇન્દ્રિયો ઉપર અનીતિનું રાજ્ય ચલાવે છે, માટે આહાર હમેશાં હલકો, સાદો માફકસર અને નિયમીત લેવો.

ખાનપાનના કેટલાક નિયમો, (વિદ્યાર્થી માટે.)

૧ પ્રાતઃકાળમાં નાસ્તા તરીકે ગાયનું તાજું દુધ પીવું. આ દુધ તરતનું દોયેલું ઠંડું થોડી ખાંડ નાખેલું હોવું જોઇએ.

૨ સવારના ભોજનમાં ઘઉંના જાડા આટાની રોટલી, લીલોમેવો અથવા તાજાં શાક દાળ ચોખા માત્ર પાણીમાં રાંધેલા હોવા જોઇએ.

૩ રાતના વાળુમાં બહુજ હલકો ખોરાક ગાયનું તાજું દુધ તથા લીલો મેવો અને તે સૂર્ય અસ્ત થયા પહેલાં લેવો.

૪ સૂર્ય આથમ્યા પછી કાંઇપણ ખાવુંનહિં.

૫ સર્વ ખાનપાન ખુલ્લી હવામાં લેવાં, બંધ ઓરડી-માં નહિં.

૬ ખોરાક સાદી રીતે ચાવીને ઠંડો પડયા પછી (ગરમા ગરમ નહિં) ખાવો.

૭ સવારના અને સાંજના બે ભોજનની વચમાં કાંઇપણ ખાવું નહિં જોઇએ.

૮ પીવાની વસ્તુમાં ફક્ત તાજું પાણી ચા કાફી કે બીજાં પાન નહિંજ.

૯ ખોરાકના માપને માટે સખ્ત નિયમ રાખવો મધ્યમ પ્રમાણમાં અને નિયમસર ખાવું અકરાંતિયાપણે ખાવું નહિ.

૧૦ પ્રાણીજન્ય કોઇપણ ખોરાક ખાવો નહિં.

૧૧ ખાંડ તથા મીઠું એટલે ગળપણ તથા ખાર ઘણાજ થોડા પ્રમાણમાં ખાવા.

૧૨ માખણ તાજું અને થોડા પ્રમાણમાં આપવું.

વળી મન વિકારવાળું થવાના બીજા પણ કારણો છે જેવાં કે અનીતિવાન માણસોની સોબત, બિભત્સ દેખાવો, શૃંગારી નાગાં પુસ્તકો વાંચવાં કે નઠારી વાતો સાંભળવી.

જેવી રીતે જગત્ કર્તાએ આંખ જોવા માટે કાન સાંભળવા માટે જીભ સ્વાદ જાણવા માટે આપેલાં છે તેમ પ્રજા ઉત્પન્ન કરવા જનનઇન્દ્રિય આપેલ છે. વિકારને વશ થઇને તમો નહિ જોવાની વસ્તુ જુઓ, નહિ સાંભળવાનું સાંભળો, નહિ ખાવાનું ખાવો અને નહિ સુંઘવાની નઠારી વસ્તુ સુંઘો તો તેનું ફળ મળ્યા વગર રહેતું નથી અને તેવીજ રીતે પ્રજા ઉત્પન્ન કરવાની ક્રિયામાં પણ નહિ કરવાનાં દુષ્ટ કર્મો કરોતો તેનું નઠારૂં ફળ તમને મળે એ કુદરતનો નિયમ છે.

વીર્ય.

પુરૂષના વિર્યમાં જે પ્રવાહી પદાર્થ (ધાતુ) નીકળે છે તેથી ગર્ભ રહેતો નથી પણ તે વીર્યની અંદર વિર્ય જંતુ હોયતો તેથી ગર્ભ રહી શકે છે.

બગડેલા અથવા કાચા વિર્યમાં આ વિર્યજંતુ હોતા નથી અને તેથીજ તેમના વિર્યથી ગર્ભ રહી શકતો નથી.

વિર્ય શરીરમાં હોય છે અને તેની પેદાશ વિર્યાશય તથા વૃષણમાં થાય છે. જે પુરૂષોને વિર્યની નિત્ય જરૂર પડે છે અથવા વિર્યનો ઉપયોગ કરવા જેવું ચિંતવન થયા કરે છે તેમના વીર્યાશયમાં વિર્ય એકઠું થઈ રહેછે અને તેથી જ તે જ્યારે જોઇએ ત્યારે જલ્દી બહાર આવે છે અર્થાત તે માનસિક ચિંતવનથી પેદા થાય છે. વીર્યાશયમાં એકઠું થાય છે.

ઇન્દ્રિય નિગ્રહ કરનારાઓ, સખ્ત કસરત કરનારાઓ અને વિષયના વિચારથી દુર રહેનારા પુરૂષોમાં વિર્ય ગુપ્તપણે હોય છે પણ તે એટલું તો ધીમું પેદા થાય છે કે તે બહાર આવતું નથી. એવા નિગ્રહી અને વિરક્ત લોકોજ વિર્યસ્રાવ અને સ્વપ્નાવસ્થા જેવા દોષોથી મુક્ત રહે છે. જે કામી પુરૂષો વારંવાર વિર્યનો ઉપયોગ કરે છે તેમને પહેલી વખત તો વિર્ય દેખાય છે પણ પછી કમી પડતું પડતું ત્રીજી ચોથીવાર મુદ્દલ વિર્ય પડતું નથી અને વિર્ય નહિ હોવાથીજ વિર્ય પડવાની મુદ્દત લંબાઇ છે.

વિર્ય જલ્દી પડવું એ વિર્ય હોવાની નિશાનીછે વાર લાગવી એ વિર્ય ઓછું અથવા નહિ હોવાની નિશાની છે પણ કામી પુરૂષોમાં અને અજ્ઞાન જુવાનોમાં એથી ઉલટુંજ મનાય છે.

વારંવાર મૈથુન કરવાથી મજ્જાતંતુ તથા સ્નાયુને સખ્ત આંચકો લાગે છે, જનનેંન્દ્રિ નબળી પડે છે, વિર્ય જંતુની પેદાશ ઓછી થાય છે અને જુવાનીમાંજ નપુંસકપણું પ્રાપ્ત થાય છે.

———:૦:———

દમ.

અવરાણીનું

ઇન્ડીયન એસ્થમીક મીક્ષ્ચર

એ

દમ, હાંફણ, શ્વાસની ઉત્તમ દવા છે.

૧ આ રોગ ઘણું કરી તરૂણાવસ્થામાં સ્ત્રી કરતાં પુરૂષને વિશેષ થાય છે. એકજ કુટુંબમાં તે કોઇવાર વારસામાં ઉતરે છે. કેટલીકવાર કંઇ કારણ વિના દમ ઉપડે છે.

૨ શ્વાસમાં વાયુનળીનો ક્ષોભ થાય તેથી, જેમકે ધુમાડો, મરચાં કે એવી આકરી કોઇ જાતની ધુમાડી, વનસ્પતિ પ્રાણીજન્ય કાંઇ દુર્ગંધ, ધૂળ, શ્વાસમાં લેવાથી શરદી અને ઠંડીથી દમ ઉપડે છે. શરદી વિશે પુરો નિયમ નથી કોઇને ઉનાળામાં, કોઇને શિયાળામાં અને કોઇને ચોમાસામાં દમ

ઉપડે છે. કોઇને સ્વચ્છ હવામાં રહેવાથી થાય છે, તો કોઇને ગંદી હવામાં રહેવાથી થાય છે.

૩ એમ ફીઝામા તથા શ્વાસ નળીના વરમને લીધે દમ ચાલે છે.

૪ રક્તાશયના વ્યાધિથી દમ થાય છે.

૫ હોજરી અગર આંતરડામાં ખોરાક અગર મળના ભરાવાથી, કોઈ જાતના ખોરાકથી રાતે ઠાંસીને જમવાથી દમ આવે છે. ખોરાકની કઇ જાતથી દમ ઉપડે એ ચોકસ નથી. ગર્ભાશય ત્વચારોગ તથા મજ્જાતંતુના વ્યાધિ તથા મનોવિકારને લીધે દમ થાય છે.

પુર્વ ચિન્હ તરીકે દરદીને બાદી હોય છે, માથું દુઃખે છે, ઘણો પેશાબ ઉતરે છે, પેશાબ આસ્તે આસ્તે થાય છે. પણ ઘણું કરી કાંઇ પુર્વ ચિન્હ શીવાય એકાએક દમ ઉપડે છે.

રાતમાં બે ત્રણ વાગ્યાના શુમારમાં એકાએક દરદી શ્વાસો શ્વાસમાં અટકાવ પહોંચવાથી જાગી ઉઠે છે, છાતી જાણે બાંધી લીધી હોય અને હવા અંદર જોઇએ તેટલી દાખલ નહિ થઇ શકતી હોય તેની પેઠે અડચણ લાગે છે, અને તેથી વારંવાર મોટા જોરથી પણ મુશીબતથી હાંફણ ચાલે છે. ત્યારે દરદીનો દેખાવ મોટો દુઃખદાયક થઇ પડે છે. ધમણની માફક મોટા પરિશ્રમથી શ્વાસ ચાલે છે. દમને લીધે તેને વાત કરવાની પણ ફુરસદ રહેતી નથી, તેનો ચહેરો ઘણી લાચારી અને સંકટ બતાવી આપે છે. અને એકાદ અજાણ્યા

માણુસને એમ લાગશે કે થોડા વખતમાં દરદી મૃત્યુને શરણુ થશે, શરીર ઉપરથી પરસેવાનાં ટીંપાં પડે છે, અને અંગ ઠંડું થઇ જાય છે, નાડી જલદ ચાલે છે, મોઢું ઉઘાડું રહે છે, ડોક ઉચી હોય છે, થોડી ખાંસી આવે છે અને કોઇ પણ રીતે તેને શાંતિ વળતી નથી, સુવા બેસવાથી પણ આરામ મળતો નથી, ઉંઘતો આવેજ શાની ? દમને નરમ પાડવાને દરદી વખતે ઉભો રહે છે, અથવા હાથ અગર કોણીના ટેકાથી વાંકો વળીને બેસી રહેછે, અથવા ખુલી બારીમાં કલાકના કલાક સુધી ઉભો રહે છે. ટુંકામાં જે સ્થિતિમાં તેને દમ લેવાને કાંઇ પણ ઠીક પડે છે તે સ્થિતિમાં તે ઘણો વખત કહાડે છે તેને ખાંસી આવે છે અને થોડો કફ પડે છે, કોઇને વધારે દિવસ ખાંસી રહે છે અને કફ ઘણો પડે છે. દમ બેસે એટલે તે નિદ્રાવશ થાય છે. તે જાગે છે ત્યારે છાતી તથા પીઠ ઘણી મહેનત પડી હોય તે પ્રમાણે દુઃખે છે. કારણ કે છાતીની ધમણ ચલાવવામાં ઘણો શ્રમ પડે છે.

એ દરદ લાગુ પડતાંજ ઇન્ડીયન એસ્થમિક મિક્શ્ચર વાપરવા મજબુત ભલામણ કરવામાં આવે છે કેમકે એ દવા એટલોતો ગુણ આપે છે કે દરદી ગમે તેવા દમ હાંફણની પીડા ભોગવતો હોય તે વખત માત્ર એકવાર દવા પીવાથી દરદનું જોર કમી પડી જાય છે અને વધારે દિવસ ચાલુ રાખવાથી તદન મટી પણ જાય છે.

જેઓને ઉપરના દરદમાં અનેક દવાઓ વાપર્યા છતાં લાભ થયો નથી તેઓને આ **ઇન્ડીયન એસ્થમીક મિક્ષ્ચર પહેલેજ વખતે ફાયદો બતાવે છે**

વાપરવાની રીત દરેક બાટલી સાથે આપવામાં આવી છે. કીંમત બાટલી એકનો રૂા. ૧-૦-૦ પોસ્ટેજ જુદું.

જીંદગીની સફળતા.

પ્રાસ વ્યવહારમાં મારૂં મૃત્યુ કદી થવાનું નથી તેમ ધારજે; પરંતુ પ્રભુની ભક્તિ મારૂં મૃ યુ આજેજ થવાનું છે એમ માની કરજે.

હે પ્રિય વાચક, જરા થોભ. વ્યવસાયમાંથી અવકાશ કાઢી તારા જીવન સાર્થક માટે લખેલી આ ચાર લીટીપર લક્ષ આપ. જો કે વિશય નિરરસ લાગશે કારણ હું જાણું છું કે તારા જેવા વ્યવસાયમાં ગરક થએલાઓ તો કલ્પિત હાસ્ય-જનક કે શૃંગાર રસ વાળી વાતો કે કથા વાંચવા સાંભળવામાં વધારે મગ્ન હોય છે; પરંતુ શું તું જાણતો નથી કે વૈદ ઔષધ આપે છે તે કટુ હોવા છતાં. સ્વાદીષ્ટ ન લાગતું હોવા છતાં અંતે તે સુખકારક નિવડે છે તેજ પ્રમાણે પ્રસ્તુત વિશયમાં પણ તારૂં કલ્યાણ છે, માટે તું મનનપૂર્વક વાચીશ એવી આશા છે.

પ્રથમ આ દુનિયામાં આપણે જન્મ લીધો ત્યારે આપણે બીજું શુ સાથે લાવ્યા હતા વારૂ ? માત્ર બીજી એક વસ્તુ. અને તે વસ્તુ તે મૃત્યુજ જન્મ સાથે મરણ આપણે સાથે લાવ્યાજ છીએ એ સંપૂર્ણ રીતે લક્ષમાં રાખી એ એની મધ્યસ્થ અને આચારમાં શ્રેષ્ઠતા આવવી જોઇએ. નિષ્કલંક આચરણ થવા વાસ્તે તથા નિર્દોષ વિચાર સુઝે તેટલા વાસ્તે ધર્મનો આશ્રય લેવો પડે છે. ત્યારે ધર્મ એટલે વિચાર અને આચારનો શાસ્તા, ગુરૂ કે નિયામક એ સિદ્ધ થાય છે.

ધર્મ રહીત રહેવું અતિ દુર્ઘટ અને દુઃસાધ્ય છે. કારણ કે દુઃખીનું શાંતવન, દુર્બલનો સહાયક, ગરિબની તૃપ્તિ અને કલેશમય કૃત્યોમાં માધુર્ય ધર્મ છે. ગમે તેટલાં સંકટ આવ્યાં હોય, હાલ હવાલ થયા હોય, તોપણ હું ન્યાયથી વર્તુછું. મારે હાથે અધર્મ થયો નથી, મારો ધર્મ મને કામ આવશે, તે કદી મને દગો દેનાર નથી, સંકટતો આજે કે કાલે જતું રહેશે, સંકટથી ધર્મ બુદ્ધિની પરિક્ષા થાય છે, સંકટથી યોગ્યતા જણાઇ આવે છે, ઇત્યાદિ પ્રકારના વિચારોથી મનનું અતિ ઉત્કૃષ્ટ સમાધાન થાય છે. ધાર્મિક મનુષ્યના માર્ગમાં સહસા કોઈ કદી આવતુ નથી; તેને સહાય કરવાનું જેને તેને મન થાય છે.

અમુક ધર્મ સારો અને અમુક ધર્મ નઠારો એવી વિચક્ષણા કરવાનું ધાર્ષ્ટ્ય કરવું એમૂર્ખ પણાનું લક્ષણ છે.

તથાપિ એ સંબંધે આગ્રહ પૂર્વક સૂચવવાનું જે આપણને સૌથી પ્રિય જે આપણા માતા પિતા તેઓના કરતાં આપણું અધિક કલ્યાણ ઇચ્છનાર અન્ય કોઈ નથી, તેમના મનમાં આપણું અકલ્યાણ કરવાનો વિચાર કોઇ કાળે આવતો નથી. ત્યારે તેઓએ સ્વીકારેલો, તેઓનું જેનાથી કલ્યાણ થયું હોય અને આપણા કલ્યાણને સારૂં આપણને જે ધર્મ સ્વીકારવા કહે તે ધર્મ સ્વીકારવો એજ શ્રેયસ્કર છે. ધર્મ સંબંધે આથી વધુ કહેવાની જરૂર નથી. સૌએ પોત પોતાના ધર્મનું સ્વરૂપ ઓળખવું, દાંભિકપણું અને પક્ષપાત એ ધર્મના કીડા છે તેને દુર કરવા પ્રયત્ન કરવો, આપણો ધર્મ અને તત્સંબંધે આપણું કર્તવ્ય પૂર્ણપણે ઓળખવું ધર્મ સમજી તે પ્રમાણે વર્તવું એ આપણું ધર્મ પ્રતિ કર્તવ્ય છે.

ધર્મ એટલે ફરજ. માતા પિતા દેશ બંધુ પ્રત્યે જે ફરજો છે તે આપણા અર્વાચીન ઇતીહાસો બતાવી આપે છે.

આ અખિલ જગતનો ઉત્પન્ન કર્તા અને રક્ષણ કર્તા કેવળ ઇચ્છા માત્રથી ત્રૈલોકયની નિરંતર ઘડભાંજ કરનાર, સર્વ સાક્ષી, સર્વાન્તરયામી, સચ્ચિદાનંદ પરમેશ્વરનું અને તેના આપણે પ્રાણી માત્ર ઉપર થતા અસંખ્ય ઉપકારોનું યથાસ્થિત વર્ણન કરવું એ મનુષ્યની શક્તિ બહાર છે. તે વિશ્વ પિતાની અપૂર્વ ચતુરાઇ, તેની આપણાપરની અપરિમિત કૃપા, તેનો અસાધારણ ઉપકાર, તેની અલૌકિક કાળજી, તેની અગાધ કાર્ય

કુશળતા ઇત્યાદિ હજારો વાતનો વિચાર કરતાં ગુચવાટામાં પડી આપણે ઘેલાજેવા બની જઇએ છીએ. આ જગત તથા તેમાં સંભવતા અદ્‌ભૂત ચમત્કારાદિનું અવલોકન કરવાથી તેમજ આપણો પોતાનોજ વિચાર કરતાં, અર્થાત આપણને આવશ્યક એવી સર્વ પ્રકારની સામગ્રી તૈયાર કરતાં તેના કર્તાએ કેટલું સામર્થ્ય અને કૌશલ્ય વાપર્યું હશે એ વીશે વિચાર કરતાં પ્રભુના અતર્ક્ય મહિમાનું થોડું થોડું પણ જ્ઞાન તમને થશે. પ્રતિવર્ષ પૃથ્વીના ઉદરમાંથી અન્ન સામગ્રી કેવી રીતે આવે છે? નદી નાળાં, તલાવ, કુવા, વાવ ઇત્યાદિ જલાશયો, દિનમણિ સૂર્ય ચંદ્ર તારા, ગ્રહો તારા, ગ્રહો ઉપગ્રહો. અગાધ જલધિ વિગેરે વિગેરે બનાવતાં કેટલી શક્તિનો વ્યય થયો હશે ! આવી પ્રશ્ન પરંપરા જેટલી જોઇએ તેટલી લંબાવી શકાય પણ તેથી વધુ અર્થ શું સરે ?

તર્ક કરવો મૂકી દઇ એવા અતુલ સત્તાધારી પરમેશ્વરનો આપણા ઉપર કેટલો બધો પ્રેમછે. એ પ્રેમનો તમે શું ઉપયોગ કરશો ? જેના ઉપકાર ઋણની તો તમારાથી કલ્પના સુદ્ધાં થઇ શક્તી નથી ? અર્થાત તમને એમ નહિં લાગે વારૂ કે એવા પરમેશ્વરનું સ્તવન, અર્ચન, પૂજન, સ્મરણ કે એવું કાંઇ પણ આપણે કરવું જોઇએ ? છે તે કરતાં તમારા ઉપર અધિક કૃપા થાય એવી આકાંક્ષા તમને સહજ ઉત્પન્ન થતી હશે. તેટલા વાસ્તે બાઇઓ, તેની કૃપા સંપાદન કરવા કાજે તેની પ્રાર્થના કરવી જોઇએ એ આપણી ફરજ જ છે એ ખુલ્લુંજ છે.

હવે ધર્મ વીશે થોડું વિચારીએ.

ઇશ્વર, તેની આજ્ઞા, તેનું પૂજન, તેની સ્તુતિ વગેરે વિષયોનો વિચાર તથા ઇશ્વર સંબંધી સર્વ પ્રકારની માહિતી આપનાર ખરો શુદ્ધ મિત્ર તે ધર્મ છે. ધર્મવડે વિચારમાં ઉચ્ચતા આપુર્દા છે તેનો રૂડો ઉપયોગ કરતા રહી મૃત્યુ અવશ્ય ક્યારેનું ક્યારે આવનાર છે જ તેને મળવા સારૂ આપણે સદા તત્પર રહેવું જોઇએ. આપુર્દાનો યોગ્ય ઉપયોગ એજ આપણું **જીવન કર્તવ્ય.** કર્તવ્ય એટલે આપણે અવશ્ય કરવું જોઇતું કામ. જન્મ પાછળ કર્તવ્ય લાગેલું જ હોયછે. કર્તવ્યમાંથી કોઇ છુટો નથી, આ ઉપરથી પ્રથમ એવો પ્રશ્ન ઉઠે છે કે આપણું કર્તવ્ય શું? આ સ્થળે તેનો પ્રથમ વિચાર કરીશું. સ્થિતિગતિ યોગ્યાયોગ્યતા, કાલમાન વગેરે ને અનુસરી આપણે આપણાં કાર્યો કરવાના છે. ગરિબના પ્રમાણમાં ગરિબને શ્રિમંતાઇના પ્રમાણમાં શ્રિમંતને શહાણ પણાના પ્રમાણમાં શહાણાને માથે કામો હોય છે. આપણે આપણી સ્થિતિ સમય અવસ્થાને અનુસરી આપણું કર્તવ્ય કરવું જોઇએ

ઇશ્વર, ધર્મ, માબાપ અને દેશબંધુ એટલાની સાથે આપણને સદા નિકટનો સંબંધ હોય છે. માટે તેઓ સંબંધી જેટલો વિશેષ વિચાર થાય તેટલો ઇષ્ટ જ છે.

ખરજવું.

મટવાને

(…કઝીમાં ઓઇન્ટમેન્ટ.)

ખરજવું એ ઘણું સાધારણ દરદ છે. ખરજવામાં પ્રથમ ચામડી રાતી થઇ સૂજી આવે છે. પછી તેના ઉપર ઝીણા દાણા જળપીટિકા અગર ફોડકા થાય છે. આ દાણા એક બીજાની પાસે પાસે હોય છે, તે એક બીજા સાથે મળી જાય છે; અને ફૂટે છે, તેમાંથી પાણી જેવો રસ ઝમે છે. એ રસ સુકાઇ જાય છે. અને ખરજવું લાંબા દહાડા સુધી રહે છે. ઘણો વળવળાટ ચળ તથા વેદના થાય છે; ચળ એટલીતો મીઠી લાગે છે કે દરદી ઘણી વખત ખણીને લોહી કાઢે છે. આસપાસની ત્વચા રાતી થઇ ખરજવું ફેલાય છે. પાણી જેવી રસીને બદલે કોઇવાર પરૂ વહે છે. ચામડીમાંથી રસ ઝમેતો લીલું ખરજવું અને ન વહે તો સુકું ખરજવું કહેવાય છે. ખરજવું શરીરના હરકોઇ ભાગપર થાય છે, પણ વિશેષે કરીને પગપર જોવામાં આવેછે. ઘણી વખત તે શરીરના સામ સામેની બાજુપર હોય છે. કવચિત્ ખરજવામાંથી ચાંદાં પડે છે, તેની સાથે ગુમડાં થાયછે. અથવા પાસેની ગાંઠોમાં વેળ ચાલેછે. જો તે ઘણા ભાગમાં થાય તો તેની સાથે જ્વરાદી ચિન્હ થાય છે. ત્વચાના સર્વ રોગમાં ખરજવું ઘણું સાધારણ છે. તે મટે છે અને ફરી થાય છે. લાંબા કાળ સુધી ખરજવું રહેતો ચામડી જાડી થઇ સુજી આવે છે. અને વખતે તેમાં ચીરા અને ક્ષ·

ત પડે છે. ખરજવું મટવા આવે ત્યારે રસ વહેતો બંધ પડે છે, ચળ કમી આવેછે, ભીંગડાં ઉખડી જાય ` ' તેની નીચેની રાતી ચામડી ઉપરથી સફેદ ફોતરાં ...ઈ ૧વ આ સ્વાભાવિક સ્થિતિ ધારણ કરે છે.

કારણ=નબળાઇ, સ્ક્રોફ્યુલા, ઉપદંશ, આર્તવદોષ, અજીર્ણ, અયોગ્ય ખોરાક, ઝાડાની કબજીઅત, લોહી તથા પેશાબના રોગ જેવાકે ગાઉટ સાંધવા, મધુપ્રમેહ આદિ કારણોથી ખરજવું થાય છે. મનોવિકાર ખેદને અતિ અધ્યયનથી ખરજવું થાય છે. બચ્ચાંને ખરજવું વિશેષ થાય છે, દાંતને કરમ વીગેરે કારણથી તે નીકળે છે.

ખરજવાના શારિરીક અને સ્થાનિક બે પ્રકારના ઇલાજ કરવા જોઇએ. પેટ સાફ લાવવા એરંડીયા તેલનો જુલાબ લેવો.

સ્ક્રોફ્યુલા (કંઠમાળ) માટે કોડલીવર ઓઇલ વીગેરે દવા વાપરવી, ખોરાકપર પુરતું ધ્યાન આપવું.

ખરજવા માટે સ્થાનિક ઇલાજ હમોએ લાંબો વખત ચર્યાં શોધી કહાડયો છે. **ઉપલા દરદથી હેરાન થતા દરદીને જણાવવાને ખુશી છઇએકે અમારો આ અકસીર ઇલાજ માત્ર બે ત્રણ વખત લગાડવાથી તુરત આરામ કરે છે અને દરદ ફરીને તે જગાએ થતું નથી.**

વાપરવાની રીત ડબી સાથે કીમત દરેક ડબીદીઠ આઠ આના પોસ્ટેજ જુદું.

અવરાણી બ્રધર્સ.

આકૃતી ઓફીસ, બાંટવા. (કાઠિઆવાડ)

૧૧ વ્યાધિ.

જૂદ'તી મટાડે છે.

ચાવન ક્રીયાના માર્ગ મોઢેથી શરૂ થાય છે, અને મોઢામા દરદ થાય તેનો પડછો શારીરપર પડે છે. અજીર્ણ, તાવ, આંતરડાં તથા હોજરીનાં દરદ, ગરમી અને રકતપિત આદિમાં મોઢામાં ચાંદાં પડેછે, મોઢું આવી જાય છે, જીભપર છારી વળે છે અને પેઢાં સુજી આવે છે. વળી પેઢાં જીભ અથવા મોઢાના બીજા ભાગમાં દરદ થતું હોયતો ખોરાક ચવાતો નથી. અને મોઢાના ભ્રષ્ટ રસ ખોરાકમાં મળી પાચન ક્રિયાને બગાડે છે.

દાંતના પેઢાનો તીક્ષ્ણ અને દીર્ઘ વરમ થાય છે. તીક્ષ્ણ વરમ ઘણું કરી મોઢુ આવે તેની સાથે થાય છે તથા દાંત આવતી વખત થાય છે દીર્ઘ વરમને લીધે પેઢાં સુજેલાં, ઉપસેલાં, જાડાં અને રાતાં થઇ રહે છે. તે દુ:ખેછે અને જરા દબાવાથી તેમાંથી લોહી નીકળે છે, તેની અંદરથી પરૂ નીકળે છે તેમ તે દબાવતાં જેમ વખત જાય તેમ તે ખવાતાં જાય છે. અને દાંતનાં મૂળ ખુલ્લાં પડે છે. આવો વરમ થોડા દાંતના પેઢામાં અથવા બધા દાંતના પેઢામાં જોવામાં આવે છે.

કારણ=બગડેલા સડેલા દાંત અને તેવાં મૂળ દાંત ઉપર ખેરીનો જમાવ, દાંતમાં મેલ, અથવા ખોરાક ભરાઇ રહે તે સાફ કરવામાં ન આવે તો ત્યાં

રહી ખેરાક સડે અને પેઢાને   મ કરે. પારાની દવા, રક્તપિત, ગરમી, કૃત્રિમ દાંત   વે તેથી, દાંતને નઠારા ખાસ અગર પેઢા   ા પેઢાનો વરમ થવા સંભવ છે. વળી નબ...   ..., અજીર્ણ, ખટાશ ને બાડુ મઠાશથી એ દરદ થાય છે. ઉપરના દાંતના દરદપર ખુશબોદાર વજ્રદંતીનો ઉપયોગ ઘણો ફાયદાકારક નીવડયો છે. તે દાંતનો સડો તથા મેલ દુર કરી વ... (લોઢા) જેવા મજબુત બનાવે છે. ખેરીના થરનો નાશ કરે છે. દાંતના ચસ્કા દબાવે છે. દાંતનો પ્રણ મટાડે છે, પેઢા તથા મોંનો વરમ મટાડે છે. દાંતમાંથી નીકળતું લોહી બંધ કરે છે. હલતા દાંત મજબુત કરે છે.

આ જમાનામાં જોશો તો જણાશે કે જુવાન માણસો દાંત પડી જવાથી બુઢા બનેલા દેખાય છે આનું કારણ એજ છે કે તેઓ દાંતની પ્રથમથીજ સંભાળ લેતા નથી પણ જો આ વજ્રદંતી દરરોજ ઘસવામાં આવે તો દાંતના પારા મજબુત થઈ દાંત હાલતા બંધ થાય છે જેથી દાંતમાં કીડ થઈ દુઃખવાનો કે પડવાનો સંભવ રહેતો નથી.

વાપરવાની રીત દરેક ડબી સાથે આપવામાં આવી છે. કીંમત ડબી એક રૂ. ૦–૪–૦ પોસ્ટેજ જુદું.

અવરાણી બ્રધર્સ.
વાકુતી ઓફીસ, બાંટવા. (કાઠીયાવાડ.)

ટકાઉ નીવડેલું

[illegible]નું રોસકોપ

ઘડીયાલ.

કીંમત માત્ર રૂ. ૨-૮-૦ અઢીમાંજ. ટપાલ ખર્ચ જુદું

આ ઘડીયાલ બરાબર વખત આપનારૂં છે, હર-વખત દુરસ્ત કરવાની કડાકુટ કરવી પડતી નથી મંગાવી ખાત્રી કરવા ભલામણ કરવામાં આવે છે.

અમો ઘડીયાલ દુરસ્ત કરવાનાં ઓજારો તથા ઘડીયાલનો સામાન સસ્તા ભાવે વેચીએ છીએ. જે માલ જોઈતો હોય તેના ભાવ મંગાવવા.

એલ. જે. ડટ્ટા.

બાંટવા (કાઠિયાવાડ)

લોકપ્રિય યાકુતિ—ક્રીમ
ની બનાવટ છે અને તે અ મૂ
ભંડાર છે. કી. બા. ૧ ના રૂ. ..

ઇન્ડીયન એસ્થમી: મીક્સ્ચર —ગમે
લાંબી મુદ્દતનો દમ હોય, તેને આ દવાનો એ
ડોઝ આપવાથી એકદમ શ્વાસ નરમ પડે છે.
છાતી નરમ થાય છે. કી. બા. ૧ . રૂ. એક

એકઝીમા ઑઇન્ટમેન્ટ—નવું કે જુનું, લીલું
યા સુકું ખરજવું ત્રણ વખત દવા લગાડવાથી જડ
મુળથી મટે છે. અને તે જગાએ ફરી થતું નથી
કી. ડબી ૧ ના આના આઠ.

વજ્રદંતી—દાંતનો દુખાવો, કળતર, સોજો
લોહીનું નીકળવું બંધ કરી, ખેરી સડો સાફ કરી
ખરાબ વાસ દુર કરે છે અને પેઢાં મજબુત કરે છે.
કી. ડબી ૧ ના ચાર આના.

મફત—"સર્વોપયોગી શાસ્ત્ર" પોસ્ટેજ બે પૈ-
સાની ટીકીટ મોકલી મંગાવો.

અવરાણી બ્રધર્સ બાંટવા. (કાઠીયાવાડ)